ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૪૩૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

Fax : (૦૭૯) ૨૬૩૦ ૨૬૫૪
Phone ૨૬૩૦૧૪૧-૨૬૩૦૦૩૪૨
૨૬૩૦૦૧૨૬ - ૨૬૩૦૦૬૬૪

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બો સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. ૪૦૧૦, NAVARANGPURA,
AHMEDABAD-૩૮૦૦૦૯. (INDIA)

ન. પરીક્ષા/સેમે./ ૩૬૩૦૩ /૨૦૧૩

તા: ૧૪/૦૮/૨૦૧૩

પરિપત્ર : ૧૯૬

આથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ, સાયન્સ, બી.બી.એ. અને બી.સી.એ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સેમેસ્ટર પરીક્ષા પધ્ધતિ સંબંધિત બાબતો પર ચર્ચા વિચારણા કરવા અને યોગ્ય ભલામણો માટે માન. કુલપતિશ્રી ડૉ મુકુલભાઈ શાહના અધ્યક્ષ સ્થાને મળેલ સમિતિની સભાએ નીચેના મુજબના ભલામણો કરેલ છે. જેનો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી કરવા માટેના આદેશ થયેલ છે.

૧. ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી સેમેસ્ટર પરીક્ષા પધ્ધતિમાં બી.એ, બી.કોમ, બી.એસ.સી. બી.બી.એ. અને બી.સી.એ.સ્નાતક કક્ષાએ દર છ માસે ઓક્ટોબર- ડીસેમ્બરમાં માત્ર ૧, ૩ અને ૫ સેમેસ્ટરની પરીક્ષાઓ યોજવી અને એપ્રિલ-મેં દરમ્યાન માત્ર ૨, ૪ અને ૬ સેમેસ્ટરની પરીક્ષાઓ યોજવી તેમજ એમ.એ., એમ.કોમ. એમ.એસસી અનુ-સ્નાતક કક્ષાએ દર છ માસે ઓક્ટોબર- ડીસેમ્બરમાં માત્ર ૧ અને ૩ સેમેસ્ટરની પરીક્ષાઓ યોજવી અને એપ્રિલ-મેં દરમ્યાન માત્ર ૨ અને ૪ સેમેસ્ટરની પરીક્ષાઓ યોજવાનું રાખવું.

૨. આ કાર્યાલયના તા: ૫/૭/૨૦૧૩ ના પરિપત્ર ન. ૧૩૭ ના મુદ્દા ન.૨ પર પુન: વિચારણા કરતા, આથી ભલામણ કરવાનું કે, બી.એ, બી.કોમ, બી.એસસી. બી.બી.એ. અને બી.સી.એ.અભ્યાસક્રમમાં સ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓ ૧ થી ૫ સેમેસ્ટરની ટર્મ ગ્રાન્ટ થતા તેને છઠ્ઠા સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનું રાખવું. છઠ્ઠા સેમેસ્ટર ના પરિણામ જાહેર કરતા અગાઉ વિધાર્થીએ ૧ થી ૫ સેમેસ્ટરની તમામ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

ઉપરોક્ત બાબતો નોટીસ બોર્ડ મુકીને વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી છે.

કા.પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. સંલગ્ન આર્ટસ, કોમર્સ, સાયન્સ, બી.બી.એ. અને બી.સી.એ કોલેજના આચાર્યશ્રીઓ તરફ,

૨. માહિતી સેન્ટર